


## વડીલોને વંદન અભિનંદન


પ્રેમજીભાઈ રાઠોડ
(૧૯૪૭) મો. ૭૬૯૮૭૫૫૮૨૭


સોમાભાઈ વેલજીભાઈ ચૌધરી
(૧૯૪૮) ફોન: ૨૩૨૨૮૦૧૭



ચંચળબેન રાઠોડ
(૧૯૫૩) ફોન: ૨૩૨૩૦૩૮૮



દશરથભાઈ આઈ. પટેલ
(૧૯૫૧) મો. ૯૮૨૪૯૯૯૧૫૮


સીતારામભાઈ પટેલ
(૧૯૫૪) મો. ૯૩૭૪૬૦૬૩૭૬



મીરાબેન પ્રિયવદન શાહ
(૧૯૫૨) ફોન: ૨૩૨૨૪૪૪


કમળાબેન ગણેશભાઈ પટેલ
(૧૯૪૬) ફોન: ૨૩૨૧૦૬૦૧


છત્રસિંહ બી વાઘેલા
(૧૯૫૦) મો. ૯૯૨૪૪૫૫૧૧૬


કાંતિભાઈ સાંકળભાઈ પટેલ
(૧૯૪૪) ફોન: ૨૩૨૨૭૪૫૮


શાંતાબેન રમેશભાઈ પટેલ
(૧૯૫૮) મો. ૯૯૨૫૨૩૫૪૫૭



પ્રભુદાસ ખેતીદાસ પટેલ
(૧૯૫૦) ફોન ૨૩૨૨૪૨૯૮


ગોદાવરીબેન નરોત્તમભાઈ
(૧૯૫૫) ફોન: ૨૩૨૧૧૦૧૩


રમેશભાઈ ગંગારામ પટેલ
(૧૯૫૮) ફોન: ૨૩૨૧૧૪૫૬


કલાબેન વસંતભાઈ પટેલ
(૧૯૪૧) ફોન: ૨૩૨૨૦૦૭૫


ઈશ્વરભાઈ મોહનભાઈ ચૌધરી
(૧૯૫૬) ૯૮૭૯૦૫૮૫૦૪


ડાહ્યાભાઈ ટી. પટેલ
(૧૯૫૦) ફોન: ૨૩૨૧૦૨૩૬


હિંમતસિંહ એફ ડોડીયા
(૧૯૫૧) મો. ૯૮૨૪૮૨૬૦૩૭



કે.પી. સોલંકી
(૧૯૫૧) મો. ૯૩૭૭૧૨૭૦૮૯


વસનબા એચ. ડોડીયા
(૧૯૫૪) મો. ૯૮૨૪૮૨૬૦૩૭


જયંતિભાઈ આર. રાવલ
(૧૯૬૦) મો. ૯૭૨૪૮૯૧૫૦૬


જયાબેન પોપટલાલ ઉપાલા
(૧૯૪૭) ફોન: ૨૩૨૨૫૬૮૬


કાન્તીલાલ પી. ત્રિવેદી
(૧૯૪૮) મો. ૯૪૨૬૩૧૦૮૮૬


રણછોડભાઈ પ્રેમાભાઈ ગોરે
(૧૯૪૧) ફોન: ૨૩૨૨૬૪૨૭


ધુળીબેન ડી. પ્રજાપતિ
(૧૯૫૨) મો. ૭૪૦૫૭૫૯૨૪૦

## સેક્ટર-૮માં આજે આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૩૧


દક્ષાબેન ભરતકુમાર શાહ પ્લોટ નં. ૩૭૯/૨, સેક્ટર-૮/બી ખાતે તા. ૧લી જૂનના રોજ બપોરે ૨.૩૦ કલાકે આનંદના ગરબો યોજવામાં આવેલ છે. મહિલા પ્રમુખ પ્રફુલ્લાબેન બાબુલાલ ભાવસારે જણાવેલ છે.


## આજે સે. ૨-બીમાં સત્સંગ-કિર્તનનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૩૧

વૈશ્વિક સંસ્કૃતિ પરિવાર દ્વારા આજે સત્સંગ કિર્તનનો ધાર્મિક કાર્યક્રમ યોજવામાં આવશે. આજે રવિવારે મહેન્દ્રભાઈ રાઠોડના નિવાસસ્થાન પ્લોટ નં. ૩૮૨/૨, સેક્ટર-૨-બી ખાતે સાંજે ૫.૦૦ થી ૬.૩૦ કલાક દરમિયાન યોજાશે. આ કાર્યક્રમમાં નગરની ધર્મપ્રેમી જનતાને ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.



અમરબા છત્રસિંહ વાઘેલા
(૧૯૫૨) મો. ૯૭૩૭૭૫૫૭૫૫


વણકર ધનજીભાઈ અંબારામ
(૧૯૫૨) મો. ૭૩૮૩૧૧૯૧૧૯


હસમુખભાઈ મોદી
(૧૯૫૪) મો. ૯૪૦૮૨૭૬૫૮૩


ગીતાબેન મોદી
(૧૯૫૫) મો. ૮૪૦૧૮૭૨૪૮૫


શાન્તાબેન પી. રાઠોડ
(૧૯૫૧) ફોન: ૨૩૨૧૧૧૧૭


બાબુભાઈ એમ. પ્રજાપતિ
(૧૯૫૪) મો. ૯૯૦૪૩૫૪૪૫૧


વાય.ડી.વિજાપુરા
(૧૯૪૯) મો. ૯૬૬૨૩૫૮૪૪૦


જોહરાબેન વાય વિજાપુરા
(૧૯૫૨) મો. ૯૬૬૨૩૫૮૪૪૦


ચતુરબેન જી. પટેલ
(૧૯૫૫) મો. ૯૬૦૧૯૭૪૯૩૨

# વિધાનસભાનું અંદાજપત્ર સત્ર પહેલી જુલાઈથી

ગાંધીનગર, તા. ૩૧

ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર ૧લી જુલાઈથી શરૂ થઈ રહ્યું છે જે આખો જુલાઈ માસ ચાલશે. ગુજરાતના નવા મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલનું આ પ્રથમ સત્ર છે. છેલ્લા ૧૩ વર્ષથી નરેન્દ્ર મોદી બજેટ સત્રનું નેતૃત્વ કરતા હતા. શ્રીમતિ આનંદીબેન પટેલે આ વખતે નાણાં મંત્રાલયનો ભાર શ્રી સૌરભ પટેલને સોંપ્યો છે અને તેઓ તેમનું પહેલુ બજેટ આ ગૃહમાં રજુ કરશે.

લોકસભા ચૂંટણીને પગલે રાજ્ય સરકારે ફેબ્રુઆરી-૨૦૧૪માં ચાર મહિના માટેનું વોટ ઓન એકાઉન્ટ લીધુ હતુ, જેમાં કોઈ ટેક્ષ કે રાહત અપાઈ નથી તેમજ કોઈ નવા ટેક્ષની પ્રપોઝલ પણ કરાઈ ન હતી.

તત્કાલીન નાણાંમંત્રી નીતિન પટેલે ૧,૨૦,૩૯૦ કરોડનું બજેટ વિધાનસભાગૃહ સમક્ષ રજુ કર્યુ હતું. જેમાં ચાર માસ એપ્રિલ, મે, જુન અને જુલાઈ માટે ૪૦ હજાર કરોડનું વોટ ઓન એકાઉન્ટ લીધુ હતુ.

લેખાનુદાન રજુ કરતાં નિતીન પટેલે કહ્યું હતું કે ગુજરાત સરકારની કુલ આવક ૧.૧૯ કરોડ થઈ શકે છે જે પાછલા અંદાજ કરતાં ૧૦ ટકા વધારે છે. સરકારને ૯૫,૪૪૦ કરોડની રેવન્યુ ઈન્કમનો ટારગેટ રાખ્યો હતો. નાણાંમંત્રાલયના સૂત્રોએ જણાવ્યું છે કે ગુજરાત સરકાર ૮ માસ માટે ૮૦ હજાર કરોડના બજેટનો લક્ષ્યાંક રાખશે. એવુ મનાઈ છે કે બજેટ સત્રમાં સરકાર તેના વેરાની આવકમાં કેટલાક ફેરબદલ કરી શકે છે. વેલ્યુએડેડ ટેક્સની આવક વધવાને લઈ કેટલીક રાહતો પણ આપી શકે છે.

કેન્દ્રમાં આ વખતે ભાજપની સરકાર હોવાથી ગુજરાતની જનતાને પેટ્રોલ-ડિઝલના વેલ્યુએડેડ ટેક્સમાં રાહત મળે તેવી સંભાવનાઓ છે. તેમજ કેટલીક નવી યોજનાઓની જાહેરાત પણ કરી શકે છે.

સરકારે જ્યારે વોટ ઓન એકાઉન્ટ મંજૂર કરાવ્યું ત્યારે દેવુ ૧.૫૩ લાખ કરોડ હતુ. નીતિન પટેલે જણાવ્યું હતું કે આ દેવુ ઘટાડવાના ઉપાયો અમે શોધી રહ્યા છીએ. હવે આ જવાબદારી નવા નાણામંત્રી સૌરભ પટેલની છે.

નવા નાણાંમંત્રીએ પણ પ્રજાલક્ષી નવા કામો રજુ કરવામાં આવશે તેવી હૈયાધારણ આપી છે.

દરમ્યાન રાજ્ય સરકારે તેના તમામ વિભાગોને સૂચના આપી બજેટમાં નવી યોજનાઓ તથા થનાર ખર્ચની યાદી તૈયાર કરી નાણાં વિભાગને મોકલે.

રાજ્ય સરકાર આ અંદાજપત્ર સત્ર દરમ્યાન ૮ થી ૧૦ નવા સરકારી વિધયેકો રજુ કરશે તેમ મનાઈ રહ્યું છે. ગૃહના નેતા તરીકે આનંદીબેન પટેલ હશે અને વિપક્ષના નેતા તરીકે પૂર્વ મુખ્યમંત્રી શ્રી શંકરસિંહ વાઘેલા હશે.

વિધાનસભા ગૃહમાં હાલ નવ બેઠકો ખાલી પડી છે. ભાજપ પાસે ૧૧૪ બેઠકો છે જ્યારે કોંગ્રેસ પક્ષ પાસે ૫૪ બેઠકો છે. આ સત્રમાં પ્રજાને રાહત મળે તે માટે કેટલીક નવી યોજનાઓ અને વેરાઓમાં છુટછાટની જાહેરાત થશે. આ સત્ર દરમ્યાન વિપક્ષ પણ પોતાની રણનીતિ તૈયાર કરવામાં વ્યસ્ત બન્યું છે.

## આજે યુવા મોરચાના ૩૦૦ યુવાનો પ્રસ્થાન કરશે

### ભૂજથી માતાના મઢ સુધી ૧૧૦ કિલોમીટર પગપાળા ચાલશે

ગાંધીનગર, તા.૩૧

ભારતીય જનતા યુવા મોરચાના મહામંત્રી શ્રી હિતેશભાઈ પટેલે એક અખબારી યાદીમાં જણાવતા કહ્યું છે કે પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષશ્રી પ્રદીપસિંહ વાઘેલાની આગેવાનીમાં ૩૦૦થી વધારે યુવા કાર્યકર્તા ભૂજ શહેરના જ્યુબલી મદાન ખાતેથી માતાના મઢ સુધી ૧૧૧ કિલોમીટરની પદ યાત્રાનો આજ રોજ તા. ૩૧ મે શનિવારે સાંજે ૭-૦૦ કલાકે પ્રારંભ કરશે. આ યાત્રાના પ્રસ્થાન અગાઉ સાંજે ૭-૦૦ કલાકે નવનિયુકત રાજય સરકારના મંત્રીશ્રી તારાચંદભાઈ છેડા, કચ્છ જિલ્લા પ્રમુખ અને રાપરના ધારાસભ્ય શ્રી પંકજભાઈ મહેતા, યુવા સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા, ધારાસભ્યો સર્વશ્રી વાસણભાઈ આહીર, ડૉ. નીમાબેન આચાર્ય અને શ્રી રમેશભાઈ મહેશ્વરીના સન્માનનો કાર્યક્રમ યોજાશે. કચ્છ જિલ્લા યુવા મોરચા દ્વારા ગત માસે યોજાયેલ વિજય વિશ્વાસ સંકલ્પ યાત્રામાં ૨૭૨થી વધારે યુવાનોએ માતાના મઢ પગપાળા જઈ માં પાસે આ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી બને અને ભાજપને ૨૭૨થી વધારે સીટો લોકસભામાં મળે તે માટે આશીર્વાદ માંગ્યા હતા અને જગદંબાએ યુવા મોરચાના કાર્યકર્તાઓની પ્રાર્થનાના આશીર્વાદ સ્વરુપ કેન્દ્રમાં ભાજપાને ૨૭૨થી વધુ બેઠકો પ્રાપ્ત થતા જગતજનીના ચરણોમાં શીશ ઝુકાવવા આ પગપાળા યાત્રાનું આયોજન કરાયું છે. ગુજરાત યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષશ્રી પ્રદીપસિંહ વાઘેલા, નવા ચુંટાયેલા યુવા સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા, કચ્છ યુવા મોરચાના પ્રમુખશ્રી શૈલેન્દ્રસિંહ જાડેજા પૂર્ણ સમય આ યાત્રામાં પગપાળા ચાલવાના છે તેઓની સાથે ૩૦થી વધારે યુવા કાર્યકર્તા આ પગપાળા યાત્રામાં ચાલશે આ યાત્રા ૪ તારીખે બપોરે ૧૨ વાગ્યા સુધી માતાના મઢ સુધી પહોંચશે જ્યાં માતાના દર્શન કર્યા બાદ સંમેલનમાં ફેરવાશે.

આ યાત્રાનો રૂટ ૩૧ તારીખે રાત્રે નીકળી ૧/૬ના રોજ માનકુવાથી શરુ કરી સામત્રા, દેશ્લપર, મંજલ, યક્ષ મંદિર, દેવપર થઈ ધાવડા રાત્રી રોકાણ કરશે. તા. ૨/૬ના સવારે ધાવડાથી પ્રસ્થાન કરી અંગિયા, નખત્રાણા, કોટડા થઈ મથલ રાત્રી રોકાણ કરશે. તા. ૩/૬ના મથલથી સવારે પ્રસ્થાન કરી હાજીપુર ફાટક, મોરાય કેમ્પ, ઉગેડી, રતડિયા ફાટક, વિગોડી ફાટક થઈ રવાપર રાત્રી રોકાણ કરશે. તા. ૪/૬ના રવાપર સવારે પ્રસ્થાન કરી બપોરે માતાના મઢે પહોંચશે.

## શહેર જાગૃત નાગરિક પરિષદની સોમવારે બેઠક

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની જૂન માસની બેઠક પ્રમુખ લવજીભાઈ વાડીઆના અધ્યક્ષ સ્થાન તા. ૨જી જૂન સોમવારે ૫.૦૦ કલાકે સાંજે સેકટર-૨૧માં નમન એપાર્ટમેન્ટમાં મળશે. જેમાં પડતર પ્રશ્નોની સમીક્ષા કરવામાં આવશે. પદાધિકારીશ્રીઓ હાજર રહેવા મહામંત્રી નિરંજનભાઈ ઓઝાએ જણાવેલ છે.



છેલ્લા ઘણા સમયથી સેક્ટર-૪ સ્થિત તળાવ ગમે તે કારણોસર કચરાપેટીના ઢગમાં ફેરવાયું છે. જો કે તળાવ બનાવવાનું ઘણા વખત પહેલા જાહેર તો થયું હતું પણ હવે ક્યારે નવો શું નિર્ણય આવે તે તો તંત્ર જાણે...! (તસવીર : કશ્યપ નિમાવત)

## તલોદ માર્કેટ યાર્ડ તેજસ્વી બાળકોનું સન્માન કરશે

તલોદ, તા.૩૧

તલોદ માર્કેટ યાર્ડ તેના ખેડૂત લક્ષી કામગીરી ઉપરાંત તલોદ બજાર સમિતિ વિસ્તારમાં આવતા ખેડૂતો, વહેપારીઓ અને ખેત મજુરોના બાળકોએ ચાલુ સાલે યોજાયેલ ધો-૧૦ અને ધો-૧૨ની વિવિધ ફેકલ્ટીમાં સેન્ટર કક્ષાએ અથવા તો શાળા કક્ષાએ પહેલા, બીજા અને ત્રીજા સ્થાન પ્રાપ્ત કરેલ હશે તેમનું સન્માન કરવાનું આયોજન કર્યું છે.

આ અંગેની વિગતો આપતાં તલોદ માર્કેટ યાર્ડના ચેરમેન નરેન્દ્ર પટેલે જણાવ્યું હતું. કે તલોદ માર્કેટ યાર્ડ બાળકોમાં ગુણવત્તા સભર શિક્ષણ મળે અને પ્રેરણાદાયી વાતાવરણ ઉભું થાય તે માટે ચાલુ સાલે જે બાળકો ધો-૧૦ અને ધો-૧૨માં સેન્ટર કક્ષાએ અથવા તો જે તે શાળામાં પહેલા, બીજા અને ત્રીજા નંબર પ્રાપ્ત કરેલ હોય તેવા વિદ્યાર્થીઓનું સન્માન કરવાનું આયોજન કર્યું છે. અને વિદ્યાર્થીઓના સન્માન સાથે ભેટ આપી પુરસ્કૃત કરવામાં આવશે આ પહેલ માર્કેટ યાર્ડ ક્ષેત્રે સૌ પ્રથમ હશે તેમ માનવામાં આવે છે.

આ ઉપરાંત તલોદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કિસાનો બેસી અને ખેતી ક્ષેત્રની વાતો કરી વિચારોની આપલે કરી શકે તે માટે દરેક ગામમાં કિસાન બાંકડા મુકવામાં આવનાર છે. આવા બાંકડા ગામની સેવા મંડળી અથવા ગામના સરપંચ સુચવે તેવી જગ્યાઓ માટે પસંદ કરવામાં આવશે.

આ ઉપરાંત બજાર સમિતિ, તલોદના ચેરમેન નરેન્દ્ર પટેલે વધુમાં જણાવ્યું હતું કે પાંચ કરોડના ખર્ચે માર્કેટ યાર્ડ, તલોદના હરસોલ સબયાર્ડનું આધુનિકરણ તેમજ શેડ, સી.સી. રોડ, નવિન ગોડાઉન જેવા કામો હાથ ધરવામાં આવ્યા છે. જ્યારે રાત્રે જે ખેડૂતો પોતાનો ખેત પેદાશનો માલ લઈને યાર્ડમાં આવે છે તેમને વહેલી સવારે ૬ થી ૮ વાગ્યા દરમિયાન માર્કેટ યાર્ડ તરફથી મફત ચા, બિસ્કીટ આપવામાં હાલ આવી રહ્યા છે અને આંદાજીત રોજ ૨૦૦ જેટલા ખેડૂતોને આ સેવાનો લાભ અપાઈ રહ્યો છે અને માર્કેટયાર્ડના આ નિર્ણયને ખેડૂતોએ આવકાર્યો છે. માર્કેટ યાર્ડમાં મોટા કદનું વોટર કુલર મુકવામાં આવ્યું છે. આ ઉપરાતં માર્કેટ યાર્ડમાં દરેક વ્યકિતની શ્રધ્ધા વધે અને વિઘ્ન દૂર થાય અને સમાજમાં સુખ શાંતિ અને ભાઈચારો વધે તે માટે માર્કેટ યાર્ડના મુખ્ય પ્રવેશદ્વારે ગણપતિજીના મંદિરનું નિર્માણ કરાયું છે. જેને વિધિવત રીતે ખુલ્લું પણ મુકી દેવાયું હોવાનું જાણવા મળે છે.

## નાયબ સચિવ એમ.એ. ગોરિયાનો વિદાય સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૩૧

મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરીમાં ફરજ બજાવતા નાયબ સચિવશ્રી એમ.એ. ગોરિયા વય નિવૃત્તિને લીધે ૩૭ વર્ષની કામગીરી બાદ આજે નિવૃત્ત થતા હોવાથી, તેઓશ્રીનો વિદાય સમારંભ અધિક મુખ્ય નિર્વાચન અધિકારી શ્રી અશોક માણેકના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

અધિક મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી માણેકે નાયબ સચિવશ્રી ગોરિયા સાથે કરેલી કામગીરીને યાદ કરી પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

આ પ્રસંગે સંયુક્ત મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી એલ.પી. પાડલિયાએ ગોરિયાની ચીવટતા ચોક્કસતા તેમજ સમયસૂચકતાથી કરવાની કામગીરીની પ્રશંસા કરી હતી, અને સંયુક્ત મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી આન્દ્રા અગ્રવાલે ઉપસ્થિત રહી પ્રાસંગિક પ્રવચન કર્યા હતા. આ પ્રસંગે રાજયના મુખ્ય ચૂંટણી અધિકારીશ્રીની કચેરીમાં ફરજ બજાવતા કર્મચારી અધિકારી ગણ ઉપસ્થિત રહ્યા હતા.

## માણસા ખાતે ચામડીના રોગનો ૫૭મો નિદાન અને સારવાર કેમ્પ

ગાંધીનગર, તા.૩૧

શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરીત વિઘ્નેશ્વરી ધામ પંચદેવ મંદિરમાં દર મહિનાના પહેલા રવિવારે ચામડીના રોગનું નિદાન અને સારવાર કેમ્પ વિના મૂલ્યે યોજાય છે. તા. ૧લી જૂન રોજ બપોરે ૨.૦૦ કલાકે ૫૭ કેમ્પનું આયોજન કરેલ છે. ગાંધીનગરના ચામડી રોગના નિષ્ણાત ડૉ. ગૌરવ બી. પટેલ સેવાઓ આપશે. માનદ્ મેનેજિંગ ટ્રસ્ટીઓ દિનેશભાઈ વ્યાસે જણાવેલ છે.

## સામાન્ય પ્રવાહનું પરિણામ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**


રહી હતી. આમ ગત વર્ષની સરખામણીએ આ વર્ષે બોર્ડનું પરિણામ બે ટકા નીચું રહ્યું છે. સમગ્ર રાજયમાંથી ૪,૯૭,૭૭૮ વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષા આપી હતી. સમગ્ર રાજયમાં સૌથી વધુ પરિણામ દાહોદ જિલ્લાનું ૮૬.૭૪ ટકા જાહેર થયું છે. જયારે સૌથી ઓછુ પરિણામ કેન્દ્ર શાસિત વિસ્તારનું ૫૦.૮૯ ટકા રહ્યું છે. રાજયમાંથી ૧૯૦ શાળાઓએ ૧૦૦ ટકા પરિણામ મેળવવાની સિધ્ધી હાંસલ કરી છે. જયારે ૬૦ શાળાઓનું પરિણામ ૧૦ ટકા કરતા ઓછુ હોવાનું ધ્યાને આવ્યું છે. સમગ્ર રાજયમાં ૧૫૮ વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડમાં સ્થાન મેળવ્યું છે. ગાંધીનગર જિલ્લામાંથી પણ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ માટે નોંધાયેલા ૧૨,૪૬૧ પૈકી ૧૨,૪૧૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૪૦૯૬ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષામાં સફળતા મેળવી શકય નથી. ગાંધીનગર જિલ્લાનું પરિણામ ૬૭.૩૭ ટકા આવ્યું છે. જયારે સમગ્ર જિલ્લામાંથી એકપણ વિદ્યાર્થીને એ-૧ ગ્રેડમાં સ્થાન મળ્યો નથી. એ-૨ ગ્રેડમાં ૧૦૯ વિદ્યાર્થીઓ અને બી-૧ ગ્રેડમાં ૯૧૭ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત બી-૨ ગ્રેડમાં ૨૧૭૬ અને સી-૧ ગ્રેડમાં ૨૬૧૪, સી-૨ ગ્રેડમાં ૧૪૦૩, અને ડી-ગ્રેડમાં ૧૧૪૬ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. ગાંધીનગર કેન્દ્રમાંથી પણ ૩૮૬૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાં ૧૪૯૧ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા નથી. ગાંધીનગર કેન્દ્રનું ૬૧.૪૨ ટકા પરિણામ આવ્યું છે. ગાંધીનગર આસપાસના ચાંદખેડા કેન્દ્રનું પરિણામ ૭૨.૮૭ જયારે કલોલ કેન્દ્રનું પરિણામ ૫૮.૯૦ અને દહેગામ કેન્દ્રનું પરિણામ ૮૪.૨૯ ટકા જાહેર થયું છે. જયારે માણસા કેન્દ્રનું પરિણામ પણ ૬૨.૨૪ ટકા રહ્યું છે. આમ ગાંધીનગર જીલ્લાના દહેગામ કેન્દ્રનું પરિણામ સૌથી વધુ ૮૪. ૨૯ ટકા આવ્યું છે. સમગ્ર રાજયમાંથી ૨૯૩૨ જેટલા વિકલાંગ વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષા આપી હતી. આ પૈકી ૧૪ વિદ્યાર્થીઓ એ-૨ ગ્રેડમાં પાસ થયા છે. જિલ્લામાં પરીક્ષા દરમિયાન એકપણ કોપી કેસ નોંધાયો ન હોવાથી ગેરરીતીનો કોઈ કિસ્સો પ્રકાશમાં આવ્યો નથી.

**ગુજરાત ઈકોલોજી કમિશન**
**બ્લોક નંબર ૧૮/૧, ઉધોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર.**

**જાહેર નિવિદા**

ગુજરાત ઈકોલૉજી કમિશન, ગાંધીનગર હસ્તકની કારના જુના સ્પેર પાર્ટસ, રીવોલ્વીંગ ખુરશી, સમાચાર પત્રો, મેગેઝીન તથા અન્ય પ્રીન્ટેડ સાહિત્ય (કચેરી ખાતે જ થ્રેડીંગ કરી) જે સ્થિતિમાં છે તે જ સ્થિતિમાં વેચાણ કરવાના છે. રસ ધરાવતા ઈસમોએ તા. ૫-૬-૨૦૧૪ સુધીમાં સીલબંધ કવરમાં ભાવો ભરી અત્રેની કચેરીના સમય દરમિયાન મોકલી આપવાના રહેશે.

## શબ્દાવલી - ૫૪૦૬




### આડી ચાવી

૧. નાદાનિયત, છોકરમત (૪)
૪. ખાંધે બોજો ઉપાડવા બનાવેલ તુલા (૩)
૬. રોતલ ચહેરો (૪)
૭. 'વમળ' શબ્દ ખોવાયો છે શોધો (૩)
૮. ચમક, તેજ (૩)
૧૦. કેડ, કમર (૨)
૧૨. સિંહને... કહેવાય (૪)
૧૫. ફેફસાં (૩)
૧૭. ચારો, 'ચાર'ની સંખ્યા (૨)
૧૮. કાયદો (૧)
૧૯. સાબુનું નામ (૩)
૨૧. લીલા વટાણાની શીંગો (૩)
૨૨. અડધી રાત (૪)

### ઊભી ચાવી

૧. બાણ ચલાવવામાં કુશળ (૪)
૨. લાજ, લજ્જા (૩)
૩. એક ઊંચુ ઝાડ (૨)
૪. ખેપિયો, કાગળ લઇ જનાર લાવનાર (૩)
૫. સિંહની ગર્જના, ત્રાડ (૩)
૯. કુસ્તીબાજ (૨)
૧૦. સાંભળવાની ઇન્દ્રિય (૨)
૧૧. સાચા (૨)
૧૨. અને, તથા (૨)
૧૩. મગધ દેશનો રાજા, કંસનો સસરો (૪)
૧૪. વ્યાયામ (૪)
૧૫. દ્રૌપદી (૩)
૧૬. સહેલું, સુગમ (૩)
૨૦. એક સ્વાદ, ... સ્વાદનું (૨)

### શબ્દાવલી ૫૪૦૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) અજ્ઞાત વાસ (૪) વક્ષ (૬) યશ (૭) સુદામા (૮) કાવડીયા (૯) ધારનું (૧૧) મર (૧૨) મમ (૧૩) માના (૧૪) ગુના (૧૫) ણીકર (૧૬) જોને (૧૭) લાય (૧૮) તલબગાર (૨૦) ખતા (૨૧) નરમ

**ઊભી ચાવી :-** (૧) અક્ષરધામ (૨) તયખાનું (૩) વાશ (૪) વઘડી (૫) ક્ષમાયાચના (૭) સુવર (૮) કામના (૧૦) રમણીયતા (૧૩) મારતલ (૧૪) ગુનેગાર (૧૬) જોબન (૧૭) લાખ (૧૯) રમ